છઠા એડી.સીવીલ જજ અને જયુ.મેજી.ફ.ક.સુરતની કોર્ટમા

ફોજદારી કેસ નં:–૫૩૭૭૮/૨૦૨૩

આંક:– ૮

ફરીયાદી:– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી:– કિશનભાઈ ચંપકભાઈ રાઠોર તથા અન્ય ૧

ગુનો:– પ્રોહી.એકટની કલમ ૬૫એએ,૮૧ મુજબ

## –: ચુકાદો:–

૧. આ કામના આરોપીઓ સમક્ષ ૬૫એએ મુજબનો ગુન્હાની ચાર્જશીટ અત્રેની કોર્ટમા દાખલ થતા આરોપીઓને સમન્સ કાઢવામા આવતા આરોપીઓ કોર્ટ રૂબરૂ હાજર થતા પોલીસ પેપર્સની તમામ નકલો વિના મુલ્યે આપવામા આવેલી ત્યારબાદ આરોપીઓ ની આંક–૪ અને ૬ થી પ્લી રેકર્ડ કરેલ છે તથા આંક–૫ અને ૭ થી ગુના કબુલાત પુરશીશ રજુ કરેલ છે.જે પુરશીશ વંચાણે લેતા આરોપીઓએ સ્વૈચ્છીક રીતે સદર ગુનો કબુલ કરેલ હોવાનુ જણાઈ આવે છે.વધુમા, આરોપીઓએ મૌખિક રજુઆત કરેલ છે કે પોતે ગરીબ ઘરના છે અને અભણ વ્યકિત છે અને તેના કુટુબની જવાબદારી તેમની ઉપર છે,જેથી દયા રાખી ઓછી સજા કરવાની વિનંતી કરે છે,અને ફરીથી આ પ્રકારનો ગુનો ના કરે તેવી બાંહેધરી આપે છે.

૨.આરોપીને ગુના અંગેની તેમજ ગુનાની શિક્ષાત્મક જોગવાઈઓ અંગે પણ સમજ આપેલ છે અને પુછપરછ કરતા સંપુર્ણ સ્વૈચ્છીક રીતે તેણે ગુનો કબુલ કરેલ છે તેવુ ફલીત થાય છે.આ સંજોગોમાં આરોપીઓ ઉપર દયા રાખવી જરૂરી જણાય છે અને તે સંજોગોમાં કેસની તમામ હકીકતો અને આરોપીઓની રજુઆત તથા આરોપીઓની સ્વૈચ્છિક ગુના કબુલાત ને ધ્યાને લેતા ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:હુકમ:–

આ કામે દરેક આરોપીઓને ફોજદારી કાર્યરીતી સંહીતા,૧૯૭૩ની કલમ–૨૪૧ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમ–૧૯૪૯ની કલમ–૬૫એએ હેઠળના શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીને રૂા.૨૦૦/– લેખે કુલ્લે રૂપિયા–૪૦૦/– નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે અને દંડ ન ભરે તો તેને ૨ દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

અપિલ સમય વિત્યા બાદ દારૂનો નિયમોનુસાર નિકાલ કરવો તથા મુદામાલ વાહન અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે યથાવત રાખવામાં આવે છે અને જો કોઈ હુકમ ન કરવામાં આવેલ હોય તો મુળ માલિકને માલિકની ખરાઈ કરી પરત સોંપવો.

તારીખ:–૧૩/૦૫/૨૦૨૩

સુરત

(કર્ણ અજીત મારવાહ)

GJ01558

છઠા એડી.સીવીલ જજ

અને જયુ.મેજી.ફ.ક.,સુરત